Aparajitha

# સફળતાના બીજ



સમાચાર પત્રિકા

*જાગૃતિ દ્વારા પરિવર્તન*

# નમસ્તે!

જુલાઈ
૨૦૧૮

૨૭
અંક

ઉનાળાના શિબિરમાં જીવન કૌશલ્ય પર શિક્ષણ

રમત -ગમત શિબિરમાં સહભાગીઓને ટી-શર્ટ આપી

પ્રતિધ્વનિ

આ ઉનાળામાં ભારતભરમાં ૯ સ્થળો એ ૧૧ શિબિરો કરી હતી. તે સ્થળો - દક્ષિણ ભાગમાં તામિલનાડુમાં ,પશ્ચિમ ભાગમાં ગુજરાતમાં અને ઉત્તરમાં હિમાલયના પર્વતોની વચ્ચે આવેલ મનાલીમાં “થલિર થીરન થિત્તમ” દ્વારા જીવન કૌશલ્ય શિક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતુ.રમત ગમત શિબિર ના સહભાગીઓ ને ગણવેશ આપવો,

તે અમારી CSR (કોર્પોરેટ સામાજિક જવાબદારી) પ્રવૃત્તિઓનો એક ભાગ હતો.આ અંક,

આ વિષય પર વધુ માહિતી આપશે ..... વાંચતા રહો ....... તમારા અભિપ્રાયો અને વિચારો રજૂ કરો.....

હું તમારા નિરંતર સમર્થન અને સૂચનોની આશા રાખું છું.

સંપાદકીય સમિતિ

“થલિર થીરન થિત્તમ” (TTT) ૭ થી ૧૨ ધોરણ ના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય માટેનું શિક્ષણ આપે છે. જે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા સૂચિબદ્ધ કરાયેલ ૧૦ જીવન કુશળતા પર આધારિત છે. આ કાર્યક્રમના સત્રો વિદ્યાર્થીઓને જોડીને રાખે અને સારા અનુભવો સાથે શિક્ષણ મળે તે વિચારીને તૈયાર કરવામાં આવ્યા છે. નિમ્ન પ્રાથમિક શાળામાં શિક્ષકોની પુસ્તિકા દ્વારા અને ઉચ્ચપ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળામાં ડીવીડી દ્વારા પાઠ આપવામાં આવે છે.આ કાર્યક્રમનો હેતુ ભારતનો જવાબદાર નાગરિક બનાવવાનો છે અને તેની પ્રારંભિક પહેલ ૨૦૦૮-૨૦૦૯ માં ૫ (પાંચ) ઉચ્ચતરમાધ્યમિક
શાળાઓમાં કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા તામિલનાડુની તમામ ઉચ્ચતરપ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આ કાર્યક્રમનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. પછીથી તેને પ્રાથમિક, સરકારી અને ખાનગી શાળાઓમાં અમલમાં મુકવામાં આવ્યું હતું. જેમને ટિમ ટિમ તારા કાર્યક્રમમાં રસ હતો. હવે આ કાર્યક્રમનું અમલીકરણ ૬ રાજ્યોમાં થાય છે - તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને હરિયાણા.


અપરાજિથા ફાઉન્ડેશન
૫એ, વી.પી. રાથિનસામી રોડ
બીબી કુલમ
મદુરાઈ - ૬૨૫૦૦૨
www.aparajitha.org
0452-4375252
info@aparajitha.org


માત્ર ખાનગી પ્રચાર - પ્રસાર માટે

(આ અંકના લેખોનું તામિલમાંથી અંગ્રેજીમાં ભાષાંતર શ્રી માલી નંદકુમારે કરેલ છે)

# પદચિહ્નો

(કાર્યક્રમ: એપ્રિલ – જૂન ૨૦૧૮)

## ઉનાળુ શિબિરમાં જીવન કૌશલ્યનું શિક્ષણ

યુનિસેફ અનુસાર જીવન કૌશલ્ય શિક્ષણ ની વ્યાખ્યા છે; "વર્તનમાં પરિવર્તન અથવા વર્તન વિકાસ અભિગમ દ્વારા મુખ્યત્વે ત્રણ ક્ષેત્રમાં - જ્ઞાન, વલણ અને કૌશલ્ય નું સંતુલન રાખવું. અપરાજીથા ફાઉન્ડેશન બાળકો માટે વાર્ષિક ઉનાળુ શિબિરનું આયોજન કરે છે જેથી તેઓ રમતો, ગીતો, ભૂમિકા ભજવવી, કલા અને હસ્તકલા અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા આનંદિત રીતે આ જીવન કુશળતા મેળવી શકે.



### તામિલનાડુ

આ કાર્યક્રમના ભાગરૂપે, ૭ થી ૧૧ મે સુધી વાયએમસીએ કામક બહેરા અને મૂંગાની ઉચ્ચ માધ્યમિક શાળામાં અપરાજીથા કોર્પોરેટ સર્વિસીઝ પ્રાઇવેટ લિમિટેડના કર્મચારીઓના બાળકો માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. ૫૬ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. અન્નાઈ નગર નિવાસ કલ્યાણ અસોસિએશનના સહયોગથી અન્નાઈ નગરના અને તેના પાડોશના વિસ્તારના નિવાસીઓના ૨૪ બાળકોએ તારીખ ૧૪ અને ૧૮ મે વચ્ચે યોજાયેલી શિબિરનો

લાભ મળ્યો હતો. ૨૧ થી ૨૫ મે સુધી મદુરાઈમાં વિલાંગડી ખાતે યોજાયેલા શિબિરમાં ૨૨ બાળકોએ ભાગ લીધો હતો.

આ શિબિરો મુખ્યત્વે બાળકોમાં નેતૃત્વ ગુણો વિકસાવવા માટે રાખવામાં આવ્યાં હતાં. વિવિધ રમતો રમાડવામાં આવી જેમકે; 'ઝડપી નિર્ણય લેવો', 'જોવો અને શોધો', 'અલગ રીતે કરો', 'બોલગેમ' અને પ્રવૃતિઓ કરવામાં આવી જેમકે 'કંઈક નવું બનાવો', 'રોલ પ્લે', 'વાર્તા બનાવો','મારી ખાસ કુશળતા','કાગળમાંથી આકારો બનાવવા',' કાગળમાંથી શણગાર','૩ડી ચિત્રો બનાવવા ',' રંગ પુરવા', 'ડાન્સ અને માટીમાંથી વિવિધ નમૂના બનાવવા; જેના દ્વારા તેમનામાં વિવિધ આવડતો અને કુશળતાઓ આવે - જેમકે સ્વ જાગૃતિ, સહાનુભૂતિ,અન્યો સાથે જોડાવું,ચર્ચા,સર્જનાત્મક વિચારસરણી,આલોચનાત્મક વિચારસરણી, નિર્ણય લેવાની ક્ષમતા , સમસ્યાનું નિરાકરણ, લાગણીઓનું સંચાલન, તણાવનો સામનો કરવો, ટીમની સાથે કામ, અન્ય લોકોને મદદ કરવી, નેતૃત્વની પહેલ કરવી વગેરે.

| |
|---|
| ૩<br>રાજ્યો<br>૯<br>સ્થળો<br>૧૧<br>શિબિર<br>૯૯૩<br>વિદ્યાર્થીઓ |

## ગુજરાત



૧૮મી એપ્રિલે વડોદરા જિલ્લાના ધંતેજ ગામમાં સરકારી પ્રાથમિક શાળાની શિબિરમાં , ૪૮ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકો સહભાગી થયા હતા. તેમને સર્જનાત્મક વિચારસરણી અને ટેલીફોન શિષ્ટાચારનો પાઠ આપવામાં આવ્યો હતો.

તારીખ ૨૧ અને ૨૩ એપ્રિલના રોજ અમદાવાદના છારોડી ગામમાં યોજેલ શિબિર માં ૩૩ વિદ્યાર્થીઓ અને ૨ શિક્ષકોએ ભાગ લીધો હતો. તેઓને લોકોને શુભેચ્છાઓ પાઠવવી અને વાતચીતમાં જોડાવવાની કળા અને પ્રક્રિયા ના કૌશલ્ય પર પાઠ આપવામાં આવ્યો હતો.

ઇસ્ટોલાબાદ (અમદાવાદ) ની પ્રાથમિક શાળામાં યોજાયેલ શિબિરમાં ૪૫ વિદ્યાર્થીઓ અને ૫ શિક્ષકો એ લોભને કેવી રીતે નિયંત્રિત કરવો તે શીખવાડવામાં આવ્યું હતું.

તારીખ ૨૬ અને ૨૮ એપ્રિલ ના રોજ અમદાવાદના જીવનતીર્થ ફાઉન્ડેશન ની સાથે મળીને રામપીર ના ટેકરા પર આવેલ ઝૂંપડામાં  રાખેલી શિબિર માં  આત્મવિશ્વાસ મેળવવો અને બગાડ ને  અટકાવવો મુદ્દાઓ ઉપર  સમજ કેળવવામાં આવી હતી. તેમાં ૬૦ વિદ્યાર્થીઓ અને ૧૫ સ્વયંસેવકો સહભાગી બન્યા હતા.

## હરિયાણા



હરિયાણા સરકાર હિમાચલ પ્રદેશમાં દર વર્ષે ઉનાળામાં સાહસ શિબિરનું આયોજન કરે છે. આ વર્ષ ની શિબિરમાં ૯૯૩ વિદ્યાર્થીઓને ટીટીટી કાર્યક્રમની  હિન્દી આવૃત્તિ 'ટિમ ટિમ તારે'  દ્વારા જીવન કૌશલ્યનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ શિબિર બે અલગ અલગ સત્ર માં  યોજાઈ હતી - પ્રથમ શિબિર ૨૧, ૨૨ અને ૨૩ મે ના રોજ યોજાઈ હતી અને બીજી શિબિર ૨૭, ૨૮ અને ૨૯ મે ના રોજ હરિપુર અને ભાનુપુલમાં યોજાઈ હતી. આ શિબિરમાં અન્યની મિલકત નો આદર કરવો , બગાડને અટકાવવો, જાહેર પરિવહનનો ઉપયોગ કરવો , ગુંડાગર્દી થી દૂર રહેવું, આત્મવિશ્વાસ વિકસાવવો, બીજાને શુભેચ્છા પાઠવી, અન્ય લોકો સાથે વાતચીત કરવી અને ઉદાર બનવું મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી  પાઠ લેવામાં આવ્યા હતા.

## રમત શિબિરમાં ભાગ લેનાર  માટે  ટી- શર્








ઉનાળામાં સ્પોર્ટ્સ અનુશિક્ષણ શિબિર કરવી તે ટી.વી.સુંદરમ ઉચ્ચતર માધ્યમિક શાળા, મદુરાઈની વાર્ષિક વિશિષ્ટતા છે. આ વર્ષનાં શિબિરમાં ભાગ લેનારા ૨૦૦ છોકરાઓ અને છોકરીઓને અપરાજિથા ફાઉન્ડેશને ઉપહાર રૂપે ટી -શર્ટ આપ્યા હતા .

# પ્રતિધ્વનિ

ટીટીટી ની સિદ્ધિઓ જોઈ ખૂબ જ પરિપૂર્ણતા અનુભવી. હું ખુબ ખુશ છું કે તે ઘણા બાળકો સુધી પહોંચે છે અને અમે આશા રાખીએ છીએ કે થોડા બાળકોને અહીંયા શીખેલ પાઠ તેમના રોજિંદા જીવનમાં ઉપયોગી થશે. આવરણ-પુષ્ઠી ખૂબજ પ્રભાવશાળી છે

- કે. દુર્ગા

ટ્રસ્ટી અપરાજિથા ફાઉન્ડેશન, મદુરાઈ,તામિલનાડુ

સંખ્યાબંધ શાળાઓ અને લાભાર્થીઓ ને આવરી લીધા તે ખુબજ પ્રભાવશાળી સિદ્ધિ છે. આ કાર્યક્રમના પ્રારંભિક તબક્કામાં હું તેનો ભાગ હતી તે માટે હું ખુબ ગર્વ અનુભવુ છું.મને વિશ્વાસ છે કે ભવિષ્યમાં એક સારા સમાજના ઘડતરમાં આ કાર્યક્રમ ખુબ અસરકારક થશે. અભિનંદન અને શ્રેષ્ઠ શુભેચ્છાઓ.

- એન. કૃષ્ણમૂર્તિ

ટીવીએસ એન્ડ સન્સ, મદુરાઈ, તામિલનાડુ

અદ્દભુત... શુભેચ્છાઓ માટે શબ્દો નથી.. પરંતુ હજારો ફૂલો ના ગુલદસ્તાના હકદાર છો!

- યુવરાજ

મદદનીશ એડિટર ઇન ચાર્જ, છુટ્ટી વિકટાન, ચેન્નઈ, તામિલનાડુ

૧૭ લાખ યુવાનોની વિચારશક્તિ સુધી પહોંચવું એ એક પ્રચંડ સિદ્ધિ છે, અને તે નોંધપાત્ર છે કે આ તમામ દેશના નાના હિસ્સાના એક ખૂણામાં નથી થયું પણ ૬ રાજ્યોમાં અને ૩ ભાષાઓમાં ફેલાયેલું છે. કાર્યક્રમમાં સેટેલાઈટ તકનીકનો ઉપયોગ કરવો તે વધુ પ્રશંસનિય છે. આ સિદ્ધિ માટે તમારી અને તમારી ટીમની પીઠ જરુર થાબડવી પડે.

- એસ. રાધાકૃષ્ણ

હૈદરાબાદ, તેલંગાણા

કાર્યક્રમની શરૂઆતથી આશ્ચર્યજનક કામગીરી! વિશાળ છલાંગ મારી અદ્દભુત પદચિન્હો પાડયા છે! માનવજાત માટે ઉત્તમ સેવા. અમને ગર્વ અને ખુશી છે કે અમે પણ આ આકર્ષક સેવાનો એક ભાગ છીએ.

કે.સારથિ

પ્રધાન આચાર્ય, સુન્દરમ મેટ્રિકયુલેશન ઉચ્ચ માધ્યમિક શાળા, અવ્યુર, તામિલનાડુ

ભારતમાં આઠ રાજ્યોમાં આ કાર્ય ચાલુ છે તે ખુબ જ ઉત્સાહની વાત છે. અમે આશા રાખીએ છીએ કે આ કાર્યક્રમ આગળના વર્ષોમાં વધુ રાજ્યોમાં કરવામાં આવશે.

રઘુવીરસિંહ ચુડાસમા

બ્લોક સંસાધન સંયોજક - એસ.એસ.એ. ધંધુકા ગુજરાત

અમને આ સમાચાર પત્રિકા વાંચીને ખુશી છે કે ટીટીટી ઘણા રાજ્યોમાં ફેલાયેલી છે. ટીટીટી ને ગુજરાતમાં પાંચ વર્ષ પૂર્ણ થયા  તે માટે અમે ખુબ ખુશ છીએ અને આગામી વર્ષોમાં વધુ બાળકો સુધી પહોંચવા માટે અમારી શ્રેષ્ઠ શુભેચ્છાઓ છે.

**ભૌમિકભાઈ પટેલ**

બ્લોક સંસાધન સંયોજક - એસ.એસ.એ. અમદાવાદ, ગુજરાત

ટિમ ટિમ તારા નો હેતુ ખૂબ સારો છે. આનાથી બાળકની વર્તણૂંકમાં ઘણા સુધારા થયા હતા. આ સારા કાર્યને જાળવી રાખો.

**તુષાર**

ક્લસ્ટર સંસાધન સંયોજક – એસ.એસ.એ. સાણંદ, ગુજરાત

આશા છે કે તમારો કાર્યક્રમ બધા રાજ્યો સુધી પહોંચશે અને આ દેશના તમામ વિદ્યાર્થીઓ ને આ કાર્યક્રમના લાભોનો આણંદ માણશે.

**દર્શનબેન પટેલ**

પ્રધાન આચાર્ય, પ્રાથમિક શાળા, ફંગડી, ગુજરાત

અપારજિથા ફાઉન્ડેશન બાળકો માટે મૂળભૂત રીતે જરૂરી શિક્ષણ આપે છે અને તે વધારે રાજ્યો સુધી પહોંચે તેવી ઈચ્છા રાખીએ છે.

**તેજલબેન શાહ**

શિક્ષક, પ્રાથમિક શાળા, રામતુજી નો કૂવો, ગુજરાત

અપારજિથા ફાઉન્ડેશન ભાવિ પેઢીઓ માટે અને વધુ સારા સમાજનું નિર્માણ કરવા માટે ખૂબ જ ઉમદા કાર્ય કરી રહી છે. હાર્દિક શુભેચ્છાઓ.

**વૈભવભાઈ પટેલ**

પ્રધાન આચાર્ય, પ્રાથમિક શાળા , રેલ્વે  સ્ટેશન , વસ્ત્રાપુર , ગુજરાત

બાળકો અને યુવાન લોકો માટે અદ્ભુત કામ કરવા બદલ અભિનંદન. રાષ્ટ્રનું ભવિષ્ય તેઓના હાથમાં છે, અને બદલામાં તમારા હાથમાં છે.

**રમ્યા સુબ્રમનિયન**

મુખ્ય વ્યવસાય વિશ્લેષક અપરાજિથા, મદુરાઇ, તમિલનાડુ

દેશભરમાં ટીટીટી ની ઝડપી વૃદ્ધિ જોઈ  ખુશી થઈ! અપરાજિથા ફાઉન્ડેશન ની સમગ્ર ટીમને તમને અથાગ પ્રયત્નો માટે હાર્દિક અભિનંદન ... અને આમજ પ્રયત્નો ચાલુ રાખો.

**આનંદરાજ કે.**

વ્યવસાય પ્રમુખ - ઇ.સી.એસ., અપરાજિથા, મદુરાઈ, તમિલનાડુ

ટીટીટી ના વિકાસ, ફેલાવવો  અને સેટેલાઈટ તકનીકનો વ્યાપક ઉપયોગની કથા ખુબજ પ્રભાવશાળી છે. ખુબજ શુભકામનાઓ અને આમજ સારા કામ ચાલુ રાખો. સમગ્ર ટીમને અભિનંદન.

**- ડૉ એસ વેંક્ટેશ**

વરિષ્ઠ પ્રક્રિયા વિશ્લેષક, અપરાજિથા, મદુરાઈ, તમિલનાડુ